# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-05-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર અશરફ નથવાણી વાંચે છે.

---

## મોકડ્રીલ-૧

રાષ્ટ્રીય સુરક્ષા તૈયારીઓને વધારવાના એક મહત્વપૂર્ણ પગલામાં, પાકિસ્તાન સાથે સરહદો ધરાવતા અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 'ઓપરેશન શીલ્ડ' હેઠળ આજે નાગરિક સંરક્ષણ મોક ડ્રીલ આજે યોજાઈ રહી છે.

આ કવાયતો સાંજે 5:00 વાગ્યે શરૂ થઇ છે. 'ઓપરેશન શીલ્ડ' નાગરિક અધિકારીઓ, કટોકટી સેવાઓ અને સ્થાનિક વસ્તીની તૈયારીનું મૂલ્યાંકન કરવા માટે હવાઈ હુમલાના સાયરન, બ્લેકઆઉટ પ્રોટોકોલ અને વિવિધ કટોકટી પ્રતિભાવ ક્રિયાઓ સહિત પ્રતિકૂળ પરિસ્થિતિઓનું અનુકરણ કરવા માટે રચાયેલ છે.

--------------------------------------------------------------------------------

## મોકડ્રીલ-૨

ગુજરાતમાં આજે કચ્છ સહિતના જીલ્લોમાં મોકડ્રીલનું આયોજન કરાયું છે. ભુજમાં સ્મૃતિવન મ્યૂઝિયમ એન્ડ મેમોરિયલ ખાતે સાંજે ૦૫.૦૦ વાગ્યાથી આ નાગરિક સંરક્ષણ મોકડ્રિલ શરુ થઇ છે. ભુજ ખાતે આયોજિત નાગરિક સંરક્ષણ મોકડ્રિલમાં આર્મી/હોમગાર્ડ બોર્ડર કોન્વોયને સલામત રીતે ટ્રાફિક મેનેજ કરીને પસાર કરવાની કવાયત અંતર્ગત રૂદ્રમાતા બ્રીજ ખાતે મોકડ્રીલ નું આયોજન યોજાઈ હતી. ત્યારબાદ ભુજના મિલિટ્રી સ્ટેશન ખાતે સ્વોર્મ ડ્રોન એટેક મોકડ્રિલનું આયોજન કરાયું હતું. જેમાં આર્મી સ્ટેશન ખાતે સ્વોર્મ ડ્રેન એટેકથી ઘાયલોને સારવાર માટે લઈ જવા એમ્બ્યુલન્સ અને નાગરિક સંરક્ષણ દળની મદદ માંગવામાં આવી હતી. ઘાયલોને જી.કે.જીનરલ હોસ્પિટલ ખાતે નાગરિક સંરક્ષણ દળના સ્વયં સેવકોની મદદથી

**એમ્બ્યુલન્સ મારફતે ખસેડવામાં આવ્યા હતા. મોકડ્રીલ અંગેનું ફાઈનલ બ્રિફિંગ સ્મૃતિવન મ્યૂઝિયમ એન્ડ મેમોરિયલ ખાતે યોજાઈ રહ્યું છે.**

**'ઓપરેશન શિલ્ડ'ના ભાગરૂપે આજે રાત્રે ૮.૦૦થી ૮.૩૦ વાગ્યા સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં ફરજિયાત બ્લેકઆઉટમાં સહયોગ આપવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.**

-----------------------------------------------------------------------------------

RTE

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬ લાખ ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ શિક્ષણનો અધિકાર એટલે કે RTE હેઠળ લાભ મેળવ્યો છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકારે ૩ હજાર ૮૦૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કર્યો છે.

RTE હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શિક્ષણ સામગ્રી ખરીદવા પ્રતિવર્ષ ૩ હજાર રૂપિયાની સહાય પૂરી પાડતું ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય બન્યું છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૫ – ૨૬ માટેની પ્રવેશ પ્રક્રિયામાં પ્રથમ અને બીજા તબક્કામાં રાજ્યના 85 હજારથી વધુ વિદ્યાર્થીઓએ શાળા કક્ષાએ લાભ લીધો છે,જ્યારે ત્રીજા તબક્કાની પ્રવેશ કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------

રેશનકાર્ડ

રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૫ ટકાથી વધારે NFSA રેશનકાર્ડ ધારકોનું e-KYC પૂર્ણ કરાયું છે. બાકીના રેશનકાર્ડ ધારકોને સમયસર પૂરતો અનાજનો જથ્થો મળી રહે તે માટે સત્વરે e-KYC કરાવી લેવા રાજ્ય સરકાર દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, કાર્ડ ધારકો હવે ઘરે બેઠા My ration app ઉપરાંત નજીકની મામલતદાર કચેરી,ઝોનલ કચેરી કે ગ્રામપંચાયતમાં જઈને e-KYC કરાવી શકે છે તેમ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------

## આંખની સલામતી અંગે જાગૃતિ

ઓક્યુલર ટ્રોમા એટલે કે નેત્ર આઘાત અને આંખની ઈજા વિવિધ કારણોસર થઇ શકે છે. અને તેનાથી દ્રષ્ટિ ગુમાવવા જેવા ગંભીર પરિણામો આવી શકે છે. આકાશવાણી સાથે વાતચીત કરતા ભુજના જાણીતા નેત્ર ચિકિત્સક ડો. સંજય ઉપાધ્યાયે જણાવ્યું કે, જીવનની વિવિધ અવસ્થાઓમાં તેમજ જોખમી કામો કરતી વખતે આપણી આંખોને આ ઈજાઓથી બચાવી તેની સંભાળ રાખવી જરૂરી છે.

---------------------------------------------------------------------------------

## વિશ્વ તમાકુ નિષેધ દિવસ

આજે વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તમાકુથી થતી બીમારીઓ વિશે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસ ઉજવાય છે. આ નિમિત્તે કચ્છમાં આજે જિલ્લા ટોબેકો સેલ ઉપરાંત વિવિધ સંસ્થાઓ દ્વારા લોક જાગૃતિના કાર્યક્રમો સાથે આ દિવસ ઉજવાયો હતો.

---------------------------------------------------------------------------------

## PB શબ્દ

પ્રસાર ભારતીના પ્રસારણ અને પ્રચાર માટેના ઑડિઓ-વિઝ્યુઅલ પ્લેટફોર્મ પીબી શબ્દ એ યુટ્યુબર્સ,પોડકાસ્ટર્સ અને વિડીયો એડિટર્સને નિઃશુલ્ક સેવાઓ પ્રદાન કરવા માટે નોંધણી કરાવવા

આમંત્રણ આપ્યું છે. પીબી શબ્દ કૉપિરાઇટ-મુક્ત, અધિકૃત અને ઉપયોગ કરવા યોગ્ય સલામત સામગ્રી માટેનો એક ઉત્તમ સ્ત્રોત છે.